# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

તપાસના ભૂત સામે ઘરના જ ભૂવા ધૂણે છે!
ને વાત થાય જૂની પછી મૂકાઇ જાય ખૂણે છે!
કૂણે હૃદયે પૂછે છે પોલીસ બિચારી બીતાં-બીતાં -
‘ક્લીનચીટ’નાં આવાં નાટક જોઇ હૃદય દૂણે છે!
(ક્રાઇમ બ્રાંચ તપાસ)

## હાઇકુ

પંચ પાંગળું!
‘સંહિતા’ કોર્ટ ખોલો!
તડ ને ફૂડ..!

રમત ‘ખો’ની -
સરકાર જાય ને -
કાયદા નો ‘ખો’

## ચિંતન

***અભ્યાસેન ક્રિયાઃ સર્વાઃ અભ્યાસાત્ સકલાઃ કલાઃ । અભ્યાસાત્ ધ્યાનમૌનાદિઃ કિમભ્યાસસ્ય દુષ્કરમ્ ॥***

‘અભ્યાસ પ્રયત્ન-પ્રેક્ટીસ-પુનરાવર્તનથી બધી ક્રિયાઓ સરળ રીતે થાય છે, અને આવા પ્રયત્નોના પુરૂષાર્થ દ્વારા જ બધી કળા-તમામ લલિતકળાઓ પણ હસ્તગત કરી શકાય છે. અભ્યાસથી આધ્યાત્મિક પ્રગતિ ધ્યાન-આસન-તપ-મૌન આદી સાધના સરળ બને છે, ટૂંકમાં અભ્યાસ-પુનરાવર્તન-પ્રેક્ટીસ દ્વારા શું સરળ-શક્ય બનતું નથી? કંઇ જ દુષ્કર નથી.’

કોઇ પણ બાબતમાં આવડત-નિપુણતા-હથોટી મેળવવા પહેલાં એ બાબતનું વાચન-શિક્ષણ-તાલીમ-કેળવણી-અભ્યાસ કરવો ખૂબ જ મહત્ત્વનો અને જરૂરી છે. એક સામાન્ય રમત-ગમત ‘દોડ’ની સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધક મહિનો-માસ પહેલાં એ બાબતની પ્રેક્ટીસ કરે છે.

ડોકટર-ઇજનેર-હજામ-સુથાર-કારીગર કોઇ પણ વ્યવસાય હોય કે કળા એની જાણકારી અને તાલીમ-અભ્યાસ જરૂરી જ છે.

તપ-યોગ-આસન-ધ્યાન પણ સિદ્ધિ થઇ શકે છે, પેલી વિદ્યાના તાંત્રિકો પણ કઠોર અભ્યાસ પછી જ સિદ્ધિ-સફળતા પ્રાપ્ત કરી શકે છે. તાલીમ-અભ્યાસ દ્વારા બધું જ થઇ શકે કંઇ જ અશક્ય-દુષ્કર નથી.

## સુવિચાર

- જેણે મનને જીતી લીધું છે... તેને ટાઢ-તડકો, સુખ-દુઃખ, માન-અપમાન બધું સરખું છે **- ધર્મસૂત્ર**
- પહેલા ઇશ્વર પ્રાપ્ત કરો, પછી ધન કમાઓ...આથી ઉલ્ટું કરવાની કોશિશ ન કરો, જો આધ્યાત્મિકતા પ્રાપ્ત કરીને તમે સાંસારિક જીવન ગાળશો તો તમે મનની શાંતિ કદી નહીં ગુમાવો **- રજનીશ**
- પાંડિત્ય પુસ્તક વાંચવામાં છે, પુસ્તક સંગ્રહમાં નથી, શૌર્ય તલવાર વાપરવામાં છે, કેડે લટકાવવામાં નથી **- કાકાસાહેબ કાલેલકર**
- કેળવણીના બે પ્રકાર છે એક કેવળણી માણસને માણસાઇનું ભાન કરાવે છે... બીજી કેળવણી માણસની માણસાઇ લઇ લે છે **- સરદાર પટેલ**
- કવિતા એ બધા જ માનવીય જ્ઞાન, વિચાર, ભાવ, અનુભવ અને ભાષાની સુગંધી કળી છે **- એસ. ભટ્ટાચાર્ય**
- જીવનમાં રોજ નવીનતા, નિરંતર તાજગી, અને અતૂટ દિલચસ્પી ત્યારે જ મળે છે કે જયારે આંતરિક વિકાસ નિરંતર થઇ માણસ સાચો નિર્મળ બન્યો હોય **- શ્રી અરવિંદ**
- સર્વોત્તમ ભેટમાં પ્રાણએ પ્રથમ ભેટ, સ્નેહ એ બીજી અને સમજણ એ ત્રીજી **- માનસસૂત્ર**

*(સંકલન : દીપક વી. આસરા)*

## બોધ કથા

પરિસ્થિતિ-બનાવ-ઘટના ગમે તે હોય પણ આપણે આપણા સ્વભાવ-પ્રકૃતિ અને દૃષ્ટિ પ્રમાણે જ એનું અર્થઘટન કરીએ છીએ. સાચી વાત જાણવા સમજવા કોઇ જ પ્રયત્ન કરતું નથી.

એક ચોર ઉનાળાની રાત્રે ચોરી કરવા નિકળ્યો. કોઇ આંગણામાં-મહોલ્લામાં ધાબે-ઘરને તાળાં ઠાંસી સૂતા હતાં કોઇ ગરમીને કારણે સજાગ પડ્યા હતા. ચોર બધી ગલીઓમાં ફર્યો-કૂતરાં પાછળ પડ્યા. આખી રાત હેરાન થયો. કંઇ મળ્યું નથી. આખરે પાદરના વડલે જઇ સૂઇ ગયો.

માં-સૂઝણું થતાં એક જુગારી હારીને હતાશ થઇ ઘેર જતો હતો. ચોરને ઊંઘતો જોઇ મનમાં બોલ્યો. બિચારો ઘણું હારી ગયો લાગે છે. ઘરે જવાની હિંમત જ નથી ચાલી અહીં જ પડી રહ્યો છે!

ત્યાંથી થોડી વારે દારૂડિયો નિકળ્યો. આખી રાત થોડો થોડો પીધો હતો ઘેર જતો હતો. એણે ચોરને જોયો ને મનમાં બોલ્યો. ઢીંચો ભલે! પણ પોતાની મર્યાદામાં રહીને પીવો જોઇએ. હવે આમે જાહેરમાં ઝાડ નીચે પડ્યા રહેવાથી કેટલું ખરાબ લાગે!

ત્યાં એક સાધુ નિકળ્યો. કહ્યું આ માણસ કેવો નિશ્ચિંત છે મહેનત-મજૂરી કરી પેટ ભરી આરામથી જયાં-ત્યાં સૂઇ તો શકે છે હું તો ઘર છોડ્યા પછી ય ઘેર-ઘેર રોટલા માગવા ભટકું છું..

આ છે દૃષ્ટિ તેવી સૃષ્ટિનું ઉદાહરણ...

Email - sureshchandrabhatt18@gmail.com

# બાળકોની શિબિર..!! પેરેન્ટ્સની અપેક્ષા હેઠળ ચગદાતું વેકેશન..!!

## નથી કોઇ ટેન્શન અને નથી કોઇ પરીક્ષા, ચોપડી ગઇ પસ્તીમાં ઉભર્યો આનંદનો પાર નથી કોઇ શિક્ષક અને નથી કોઇ ટયુશન, ટાઇમટેબલ ગયું થેલામાં ઉતર્યો ભણતરનો ભાર



### Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com




સ્કૂલોમાં વેકેશનનો ઘંટ વાગ્યો નથી કે બાળકોને વિવિધ રમતો અને પ્રવૃત્તિઓની શિબિરમાં મોકલવા પેરેન્ટસ બહાવરા બની જાય છે. રમત પ્રત્યે આકર્ષણ અને કલાને શિખવા માટે શિબિરો જરૂરી છે. પણ પોતાના બાળક તરફથી મા-બાપને નિરનિરાળી અપેક્ષાઓ હોય છે. પેરેન્ટ્સ વધારે પડતી અપેક્ષાઓનો બોઝો એમના માથે નાંખી માંડ ભણતરનાં ભારમાંથી હળવા બન્યા હોય ત્યાં રમતની મજા લેવાની જગ્યાએ તેઓ સ્પર્ધાનું રૂપ આપી દેતા રમત-ગમત શિખવાની જગ્યાએ એને ધિક્કારતાં ના બની જાય. બસ એ દિશા તરફ આંગળી કરવાની એક ચેષ્ટા...

●●●

ગાંધીનગરનો એક સ્વિમિંગ પુલ અને ત્યાં સમર કેમ્પનાં છેલ્લાં દિવસોની સ્પર્ધા ચાલતી હતી. નાના ભૂલકાઓ આ સ્પર્ધામાં આગળ આવવાં પાણીમાં હાથ પછાડીને મહેનત કરતા હતા. એમાં એક દસ વર્ષનો બાળક કોર્નરવાળી લેનમાં જીવ લગાવીને તરી રહ્યો છે. એની મમ્મી એ પુલનાં ધારે ધારે એની સાથે જ ચાલતાં મોટ મોટેથી બુમ બરાડા પાડે છે, અને એને પ્રોત્સાહન આપે છે.

‘ચલ, ઇશાન ચલ, જલ્દી આગળ નીકળ.... હાથ-પગ માર.. કમોન યૂ કેન ડુ ઇટ... કમોન કમોન ફાસ્ટ... માર જોરથી હાથ, ડાબો-જમણો, થોડું જ બાકી છે.’ મમ્મી બુમો જ પાડતી રહે છે.

સ્પર્ધા પતી જાય છે અને એ છોકરો બીજા નંબરે આવે છે. અત્યંત થાકેલો એ છોકરો થોડી ક્ષણો બાદ સ્વિમિંગ પુલમાંથી બહાર આવે છે અને જેવો એ બહાર આવે છે એટલે એના ભીનાં ભરડાં પર એની મમ્મી કચકચાવીને એક ધોલ ઠોકી દે છે. પીઠ પર એની મમ્મીનાં હાથની ચાર આગળીની છાપ ઉપસી આવે છે અને વેદનાથી પેલો છોકરો મમ્મીને કરગરતો રડવાં લાગે છે!!

‘ઇશાન, ધીસ ઇઝ નોટ એક્સપેકટેડ ફ્રોમ યુ. માત્ર બે સેકન્ડથી તારો પહેલો નંબર ગયો... કેમ જોરથી તું તર્યો નહીં? આ બધાં વચ્ચે મારી ઇજ્જત ગઇ. આય એમ એક્સટ્રીમલી ડિસઅપોઇન્ટેડ...’ ‘સોરી!’ છોકરો રડતો રડતો જ બોલતો હતો.

‘સોરી શેનો કહે છે...? નો એક્સક્યુઝ ઇશાન, બીજી સ્પર્ધામાં આય વોન્ટ યુ કમ ફર્સ્ટ... યૂ ડૂ વોટ સો એવર’ છોકરોની મજબુરી સમજ્યા વગર જ મમ્મીની હિટરલશાહી ચાલુ જ હતી.

એણે એના ડબ્બામાંથી ચીઝનું એક ચકતું કાઢ્યું. રડતા રડતા પેલા છોકરાંએ જેમતેમ અર્ધું ચકતું ખાધું. ઉપાડી પીઠ પર ફરી મમ્મીએ એક જોરથી ફટકારી, ‘પુરૂ કર ઇશાન, આ અરધું ખાધેલું ચીઝ, પુરૂં કર... આય વોટ એનર્જી ઇન યોર નેક્ષ્ટ એટેમ્પટ.’ મમ્મીએ એના તરફ ઘુરકીયાં કર્યા. આંખો લૂંછતાં લૂછતાં એ નાના બાળકે વધેલી અરધી ચીઝ ચૂપચાપ દાઝ ગળી જતો એમ એનાં ગળાં નીચે ઉતારી ગયો.. ત્યાં ઊભેલાં બધાં આ તમાશો જોતાં હતા, મારી નજર સમક્ષ બનેલી આ ઘટના કેટલાંય દિવસ સુધી ફરતી રહી. ઉનાળો આવ્યો અને શિબિરોનો કલબલાટ શરૂ થયો એટલે ફરી એ પ્રસંગ યાદ આવી ગયો...

‘અમારો રાહુલ છે ને મસ્ત ક્રિકેટ રમે છે, એ જયારે ઘરે ક્રિકેટ રમતો હોય તો બસ આપણે એને જોયાં જ કરીએ એવું લાગે છે, તમે એનામાં રહેલી સ્કિલને તમારો ટચ આપો, સર... એ જરૂર એક મોટો ક્રિકેટર બનશે...’ સમર વેકેશન કેમ્પમાં પ્રવેશ લેતી વખતે એક ઉત્સાહી મા-બાપ એમના બંટીની સ્તુતિ કરતાં હતા. માન્ય છે કે દરેક વાલીને એમનું બાળખ શ્રેષ્ઠ છે એવું લાગતું હોય છે, અને એમ જોવા જોઇએ તો બધાં જ નાના બાળકોને રમતનો ઉત્સાહ હોય છે અને એ ઉત્સાહને દિશા આપવાનું પહેલું પગથિયું એટલે આ ઉનાળું શિબિર. ઉનાળું શિબિરમાં ભાગ લેનારાની સંખ્યા અધિક અને દિવસ માત્ર ૧૦-૧૫ હોય છે એટલે કોચ કે ટ્રેનર દરેકનું ધ્યાન ક્યાંથી રાખી શકે ??

મોટા ભાગનાં પેરેન્ટ્સ ઉનાળાના વેકેશનમાં છોકરાઓ ઘેર ધમાલ કરે નહીં, ટીવીને ચોંટે નહીં અને કંઇક શિખીને આવે એનાં હેતુથી શિબિરમાં મોકલતાં હોય છે, એ કાંઇ એ પ્રવૃત્તિને નિયમિત રૂપમાં ફેરવવાં તૈયાર હોતા નથી. જેવો મે મહિનો પત્યો વેકેશન ખુલ્યું એટલે પેલો વેકેશનનો બધો સંગ્રામ સમેટી ફરી બરડો વળી જાય એવો સ્કુલનો થેલો ભરાવી ભણતરના રગથિયા ગાડામાં જોતરી દે છે!!

આજની જનરેશનને છે ને ઉપદેશ નથી ગમતો. તમે જે કાંઇ એમનાં તરફથી ઇચ્છતા હોવ એવાં આચાર-વિચાર તમે કરવાં પડશે. ગણપતિ બાપ્પાં જેવી ફાંદ લઇ તમે કયાં મોંઢે ફિટનેસની વાતો કરશો? અથવા સતત ટીવી જોતી મમ્મીઓ કે મોબાઇલમાં ખૂપેલાં રહેતા પપ્પાઓ જો કહેશે કે ‘અરે ઘરમાં કેમ બેઠો છે...? જા મેદાનમાં રમવાં’ તો એ તમારી વાત માનશે? કારણ તમને એ નૈતિક અધિકાર જ નથી. છોકરાઓને વ્યાયામ કરતાં ધકેલતાં પહેલાં તમારાં કપડાં પરસેવાથી લથપથ હશે તો એ આપોઆપ જ તમને અનુસરશે કારણ એની પાસે કોઇ બહાનું નહીં હોય!!

રવિવારે શોપીંગ મોલમાં ચાર-પાંચ કલાક ભટકતાં પરિવારો જો એક રવિવાર એકાદા બગીચાની લોન કે નદીના પાળે જઇને બેસો તો ખચ, રાત્રે સાથે જમીને વાતો કરો તો ખરાં, જો ના મજા પડે તો કહેજો!

મોટાં ભાગનાં વાલીઓની ફરિયાદ છે કે છોકરાં ઘરમાં બેસીને ટીવી જુએ છે કે કોમ્પ્યુટર-મોબાઇલ પર ગેમ રમે છે. આ સમસ્યા સાચ્ચે જ દરેકનાં ઘરમાં વાયરસની જેમ ઘુસેલી છે, અને આનો જવાબ સહેલો પણ નથી. આ આંગળીઓને ચોંટેલી માયાઝાળ ઘરમાં જ છે અને મેદાન, જીમ, વ્યાયામ શાળા, પ્રવૃત્તિઓ ચલાવતી સંસ્થા ઘરેથી થોડી-ઘણી દૂર આવેલી છે. મેદાન અને રમતની આદત પાડવા માટે મહેનત તો કરવી જ પડશે. જેમ બાળકને સ્કૂલમાં મુક્યા બાદ દસ વર્ષ પછી એ મેટ્રીક પાસ થાય છે, તો પછી રમત અને મેદાન પર પરફોર્મ કરવા થોડો સમય તો આપવો પડશે ને? ભણવામાં રિઝલ્ટ સુધી પહોંચતાં સંયમ રાખતાં વડિલોને રમતમાં માત્ર જલ્દી જ પરિણામ જોઇતું હોય છે, ત્યારે આશ્ચર્ય થાય છે. જો તમારું બાળક જોરદાર સ્પોર્ટ્સમેન બન્યું તો તો સોનાથી પીળું, પણ જો ના બન્યું તો એ રમતનો આનંદ લેશે અને નિરોગી રહેશે એ નફાનું!!

હવે જરા મહત્ત્વની વાત. એક મહિનાથી શિબિરમાંથી બાળક જોરદાર તૈયાર થઇ બહાર પડશે એવી ખોટી અપેક્ષા રાખશો નહી. બીજી વાત, તમે દેખાવ છો મણીબેન જેવા અને અપેક્ષા કરો છો કે તમારી કન્યા કરીના કપૂર જેવી દેખાય. તમને બેટ પકડતાં ફાવતું નથી અને બેટો બેટ્સમેન એક જ શિબિરમાં બને એવું ઇચ્છો છો! અરે, એટલે મા-બાપ બાળકોને સિઝનેબલ રમતમાં નાંખી, વર્ષ આંખુ ભણતરનાં ભાર હેઠળ દબાવે છે.

આપણે બધાં સારાં ‘દર્શક’ રમતપ્રેમી છીએ. ફિનેસ રાખવાની સંસ્કૃતિ વિકસિત રાષ્ટ્રો જેટલી હજુ થઇ નથી. એટલે રમતની, તંદુરસ્તીની ઇચ્છા બાળક જોડે એટલી જ કરો જેટલું એ સહન કરી શકે. ઉનાળાની શિબિરમાં બાળક થાક્યા બાદ પણ હસતું ઘરે આવે તો સમજવું કે એને રમત અને પ્રવૃત્તિમાં રસ પડ્યો છે. બાકી તમારી અપેક્ષાઓ બોજો લાદશો તો કદાચ ભણતરની જેમ વેકેશન પણ ચગદાઇ જશે!!

***ચૂંટલો :***

આખું વર્ષ અભ્યાસ, પરિક્ષા, માર્કસ અને પરફોર્મન્સનું ટેન્સન બાળકો પર હોય છે. વેકેસનનો સમય આ બધાની રિકવરી માટે છે, રમતગમત શિબિર, કેમ્પથી બાળકો સર્જનાત્મકતા તરફ વળે છે, એન્જોય કરે છે. એમાંય પેરેન્ટ્સ પરફોર્મન્સનો બોજો જો નાંખે તો બાળક એના પર હેરેસમેટનો કેસ ન કરે??

# ભૂખ-તરસ અને પતિને ખોવાનાં દુઃખમાં બેબાકળી મોહિનીને એમ લાગતું હતું કે જાણે કાચની કરચો પર ચાલતાં એ લોહીલુહાણ થઈ રહી છે, હૃદયનું દર્દ સૂની આંખોમાં વહેતાં આંસુનાં ઝરણાં રૂપે ફૂટી રહ્યું હતું

## નવાં કલેવર

- નટવર હેડાઉ

*(ગતાંકથી આગળ...)*

‘હવે તમે જ કહો, રામસિંહે કોઇનું શું બગાડેલું... દેશની સુરક્ષા માટે કેટલો ખર્ચ થઇ રહ્યો છે. છતાં સુરક્ષા માટે આપણે રોજ આતંકવાદ સામે ઝઝુમી રહ્યા છીએ.’

ત્યાં એક ટેક્સી આવીને ઊભી રહી. કદાચ રામસિંહના કાકા આજમગઢથી આવ્યા છે. આંખમાં આંસુ સાથે એ સંગ્રામસિંહને વળગીને રડી પડ્યા.

‘ભાઇ... આંશુ... રામુ...? આટલી ઉંમરમાં જતો રહ્યો?’

કાકી પણ વિલાપ કરવા લાગ્યાં. ત્રિરંગામાં લપેટાયેલ રામસિંહનો બોલવંતી રડી પડ્યો.

‘અરે! મારો રામ... તે કુળનું નામ ઉજળું કર્યું. દેશ માટે શહિદ થઇ ગયો.’

તેને જોઇને રામસિંહની માં પણ છાતી કુટીને જોર જોરથી રોવા લાગી અને મોહિનીને દોષ દેવા લાગી.

‘મારા દીકરાને ભરખી ગઇ. એક વરસમાં ખાઇ ગઇ. એનું સત્યાનાશ જાય... મેં તો પહેલાં જ કીધેલું કે એને મંગળ છે. કોઇ સંજોગોમાં તેની સાથે ના પરણાવો, અપસુકણી મારા લાલને ખાઇ ગઇ... ડાકણ...’

ત્યાં સંગ્રામસિંહે તેની પત્નીનું મોઢું તોડી લેતાં કહ્યું, ‘અરે! આખું ગામ ભેળું થયું છે. એવું ન બોલ. તારો દીકરો ગયો તો એ પણ વિધવા થઇ છે કે નહીં.’ તેનું તો આખું જીવન બરબાદ થઇ ગયું. આમ વિલાપ કરીશ તો આખું ગામ શું કહેશે? જો જો મીડિયાવાળા બધા ભેગા થવા લાગ્યા છે.

‘હાં, માં ભાભીને એમ ભાંડીશ તો લોકો શું કહેશે? ખોટી વાતો ફેલાશે. રામભાઇને ભાભી નથી ભરખી ગઇ એ તો શહિદ થયા છે. હમણાં મીડિયા તમારી બાઇટ લેશે ત્યારે એવું તેવું કંઇ બોલી ન દેતાં.’

નાના દીકરાએ માંને સમજાવી. પેલી બાજુ મોહિનીને સાચવનાર કોઇ નહોતું. પાડોશની એક બે સ્ત્રીઓ હિબકાં ભરતાં તેને સાચવતી હતી. પાણી પીવડાવવાની કોશિષ કરતી હતી પણ દાંત ભીંચેલ હોવાથી મોંમા પાણી જતું ન હતું.

રામસિંહના કાકાએ પોતાની ભાભીને કાનમાં કંઇક કહ્યું.’ ‘ભાભી નાનકો સાચું જ કહે છે. વહુને ભાંડવાથી કંઇ નહીં થાય. પણ ઘણું મોટું નુકસાન થશે. રામું તો ગયો તે કંઇ પાછો આવવાનો નથી. એ આપણા ઘરનું નામ રૌશન કરી ગયો. હવે તો તેની શહાદત વટાવવાનો સમય છે. નહીંતર બધું હાથમાંથી જશે.’

‘શું બોલે છે તું લાલા.’

‘હાં ભાભી, મોહિની આપણા માટે ખુબ કામની છે. કોરો ચેક છે. એનું ધ્યાન રાખો. આપણે જેમ કહીએ એમ એ બોલવી જોઇએ. નહીં તો બાજી બગડી જશે. રામુ તો ગયો હવે આપણે ગમે તે રીતે સરકાર પાસેથી વધુમાં વધુ વળતર મળે તેવું કરવાનું છે. આ જ મોકો છે. એકવાર અંતિમ સંસ્કાર પતી ગયા તો આપણા હાથમાંથી મોકો સરકી જશે. એક વાર મુખ્યમંત્રી આવી ગયા તો કંઇ ને કંઇ વધારાની વળતરની જાહેરાત કરશે જ ? એટલે જાઓ અને મોહિનીને સમજાવી, પટાવી, ફોસલાવી અનશન માટે તૈયાર કરો. હું બહાર જઇને જાહેર કરું છું કે શહિદ રામસિંહની પત્ની અનશન પર છે. અને જયાં સુધી મુખ્યમંત્રી અહીં આવીને શહિદને શ્રદ્ધાંજલિ નહીં આપે ત્યાં સુધી રામસિંહની પત્નીએ અન્નનો દાણો પણ મોંમાં નાંખવાનો ઇન્કાર કર્યો છે.’

દિયરજીની વાત સાચી છે. નહીંતર આ કુલ્ટાને ઘરમાં રાખીને કેવી રીતે ખવડાવીશું. રામસિંહની માંએ પોતાના આંસુ લૂંછતા કહ્યું અને મોહિનીની સંભાળ લેવા ઊભી થઇ.

મોહિની પણ ભાનમાં હોઇ આ બધી વાતો સાંભળતી હતી. રામસિંહના કાકાના શબ્દો તેના દિલને વીંધતા હતા. ભૂખ-તરસ અને પતિને ખોવાનાં દુઃખમાં બેબાકળી મોહિનીને એમ લાગતું હતું કે જાણે કાચની કરચો પર ચાલતાં એ લોહીલુહાણ થઇ રહી છે. હૃદયનું દર્દ સૂની આંખોમાં વહેતાં આંસુનાં ઝરણાં રૂપે ફૂટી રહ્યું હતું.

તેણે જોયું કે અમુક સરકારી માણસો પણ ત્યાં આવી ગયા છે. એક પછી એક સરકારી કારો અને તેમાંથી ઉતરતા અધિકારીઓની સાથે મીડિયા અને મીડિયાને જોઇ લોકોનું ટોળું તેના પતિના પાર્થિવ દેહની આજુબાજુ ફોટો ખેંચાવવા અને ટી.વી.માં આવવા લ્હાયમાં ભેગા થવા લાગ્યા. આંસુ ભીંની આંખે તે પોતાની સાસુને મીડિયા સામે વાત કરતાં જોતી રહી.

મારા દીકરાએ દેશ માટે કુરબાની આપી છે. તેનો મને ગર્વ છે. હું ભગવાનને પ્રાર્થના કરીશ કે આગલા જન્મે પણ તે મારી કુંખે જન્મ લે. પરંતુ તે દેશ માટે શહિદ થઇ ગયો તેના કારણે અમારા અને તેની જુવાન પત્નીની માટે રોજીરોટીનો પ્રશ્ન ઊભો થઇ ગયો છે. રામસિંહ આ દુનિયામાં નથી રહ્યો ત્યારે અમારું ભરણપોષણ કોણ કરશે? અમારી આંકાક્ષા છે કે આપણા મુખ્યમંત્રીશ્રી આવી મારા દીકરાને શ્રદ્ધાંજલિ આપે. તે પછી જ મારી વહુ તેના ઉપવસા છોડશે. નહીંતર એ ભૂખી-તરસી પોતાનો જીવ આપી દેશે.’

બસ આટલું સાંભળતાં જ મીડિયાવાળા સૌ મોહિની તરફ ફર્યા. તેમણે મોહિનીનાં મોં સામે માઇક ધરી દીધું. મોહિની તેની અશ્રુભરી આંખે મોં સામે ધરેલા માઇકમાં ઘણું બધું કહેવા માંગતી હતી. તેને ચીસો પાડીને કહેવુ હતું કે -

‘ના.. ના.. હું શહિદ રામસિંહની પત્ની નથી ડાકણ છું ડાકણ... મારાં લગ્ન અપશુકનીયાળ હતા. કેમ કે હું

*અનુસંધાન પાના.૬ પર*

# પ્રેમ એટલે લેવડદેવડ નહીં, આપીને પામવાનું નામ પ્રેમ

## ગુલમહોર

- દિનેશ દેસાઈ

**મહાન દાર્શનિક રુમિએ કહ્યું છે કે “પ્રેમ એટલે કોઈ પણ અપેક્ષા વિનાનું સમર્પણ.” પ્રેમ કોઈ વેપાર નથી કે જેમાં લેવડદેવડને સ્થાન હોય. છતા આપણને સાંભળવા મળે છે કે પ્રિયજન એકમેકને ઘણા બધા વચનો અને વાયદાઓ આપી જ દેતા હોય છે. જે ચાંદ-તારા ઉપર પોતાની માલિકી પણ નથી, એ ચાંદ-તારા લાવી આપવાનું પ્રોમિસ એટલે પ્રેમ? ના, એવું ન જ હોય.**

પ્રેમમાં માત્ર પ્રેમ જ આપવાનો હોય છે, કોઈ જ પ્રકારના બદલાની એમાં અપેક્ષા ન જ હોય. પ્રેમ એટલે લેવડદેવડ નહીં, આપીને પામવાનું નામ એટલે પ્રેમ. પ્રેમ ક્યારેય મરતો નથી, તો ખતમ પણ થતો નથી. એને સમય, વર્ષો અને ઉંમરનો કાટ પણ લાગતો નથી.

૭૫ વર્ષની ઉંમરના એક વડીલ તેમની બીમાર પત્નીની ખુબ સેવા-સુશ્રુષા કરે. એનું નિયમિત ડ્રૅસિંગ કરે. એને નિયમિત દવાઓ અને જમવાનું વગેરે આપે. એને રોજ સવારે દૈનિક કામકાજમાં મદદ તો કરે જ. એને રોજ સવારે અખબાર પણ વાંચીને સંભળાવે. ટી.વી. ચાલુ કરીને મનગમતી ચેનલ અને મનગમતા પ્રોગ્રામ પણ મૂકી આપે. પત્ની ઉભી થવા જાય ત્યારે એના પગ પાસે સ્લિપર પણ ગોઠવી આપે. બીમાર પત્નીના માથાના વાળ પણ ઓળી આપે અને માથામાં ક્યારેક હૅર-ઓઈલ પણ લગાવી આપે. કોઈ એકાદ દિવસને બાદ કરતા દરરોજ પત્નીના બેડ પાસેના ટેબલ ઉપર તાજાં ફૂલો પણ ગોઠવીને વાતાવરણ મઘમઘતું કરી મૂકે.

***પ્રેમમાં માત્ર પ્રેમ જ આપવાનો હોય છે, કોઈ જ પ્રકારના બદલાની એમાં અપેક્ષા ન જ હોય, પ્રેમ એટલે લેવડદેવડ નહીં, આપીને પામવાનું નામ એટલે પ્રેમ, પ્રેમ ક્યારેય મરતો નથી, તો ખતમ પણ થતો નથી, એને સમય, વર્ષો અને ઉંમરનો કાટ પણ લાગતો નથી***

આટલી વાત જાણ્યા પછી તમને સ્વાભાવિક રીતે જ એમ થાય કે આ વૃદ્ધ વડીલ અને તેમની પત્નીને પરિવારમાં બીજું કોઈ નહીં હોય, એટલે કે સંતાન પણ નહીં હોય અને સેવા કરનારું પણ કોઈ નહીં હોય. એટલે જ તો આ વડીલને બીમાર પત્નીની સેવા — સારવાર અને કાળજી લેવી પડતી હશે. પરંતુ એવું કશું નહોતું. વડીલના ઘરમાં દીકરા-વહુ અને તેમનાંય સંતાનો હતા. પુત્ર અને પુત્રવધૂ પણ બીમાર બાની સેવાચાકરી કરી શકે એવા સમજુ અને ઉમદા સ્વભાવના જ હતાં. આમ છતા બીમાર પત્નીની મોટા ભાગની કામગીરી — સેવા વડીલ જ ઉપાડી લેતા, એનું કારણ શું?

એવું પુછવામાં આવતા જ વડીલે ખુબ સરસ જવાબ આપ્યો કે “કારણ તો બસ એટલું જ કે હું મારી પત્નીને ખુબ પ્રેમ કરું છું. જે માણસ પ્રેમમાં હોય એ કંઈ પણ કરી શકે અને અમારો પ્રેમ તો કંઈ આજકાલનો નથી, સાહીઠ વર્ષ પહેલાનો પ્રેમ છે. અમે બેઉ જ્યારે ચૌદ-પંદર વર્ષનાં હતાં ત્યારથી અમે આ રીતે જ રહેતા આવ્યાં છીએ. લગ્ન થયાં પણ પ્રેમ ઓછો થયો નથી. એકબીજાનું કામ કરવા મળે, એ માત્ર કામ જ નથી, પ્રેમ છે.”

ખરેખર પ્રેમને ઉંમરનો કાટ લાગતો નથી કે વર્ષોનો તાપ પણ લાગતો નથી. વર્ષોવર્ષના તડકા-છાંયડા અને વરસાદના ઝાપટાં તો પ્રેમને ઓર પરિપક્વ અને વધુ સમજદાર બનાવતા હોય છે. આંબાને દસ વર્ષે જ મોર આવે, પણ પ્રેમને તો સમજણનાં મોર અરસપરસ બહુ જલદીથી આવી જતાં હોય છે. પ્રેમમાં બે જણા વચ્ચે સમજણની જરુર હોય છે, સમજૂતી કરવાથી કોઈ ફરક પડતો નથી.

સંબંધમાં સમાધાન કરવું પડે તો એ સંબંધમાં કૃત્રિમતા ભળે છે. એવા સંબંધમાં પ્રેમ રહેતો નથી. પ્રેમનો નિવાસ પારદર્શક અને કપટરહીત હોય છે. પ્રેમ ત્યાં જ વસવાટ કરી શકે કે જ્યાં જૂઠની ઈમારત ન હોય, જ્યાં છળકપટની બોલબાલા ન હોય, જ્યાં દગાની તલવાર ન હોય, જ્યાં અમૃતરસ જેવો સ્નેહ હોય પણ એમાં અપેક્ષા કે ઈર્ષાની ખટાશ ન હોય.

એક કંપનીમાં સાથે નોકરી કરતી યુવતીને સહકર્મચારી યુવાન કામકાજમાં મદદ કરતો. કંપનીમાં નવી નવી જોડાયેલી યુવતીને કંપની વિશે, કંપનીની કાર્યપદ્ધતિ વિશે, કંપનીના તેના સ્ટાફ વિશે અને એવી બધી વાતો પણ પેલો યુવાન એ યુવતીને કહેતો. વર્ક ઍક્સપિરિયન્સ પણ તેની સાથે શૅર કરે અને કોની સાથે કેવી રીતે ડીલ કરવું, એ પણ સમજાવતો રહે. યુવતીને જોબમાં કોઈ ઝાઝી મુશ્કેલી ન પડે એનું ધ્યાન પણ પેલો યુવાન રાખતો.

એક દિવસ અચાનક જ સાથે કોફી પીતી વખતે યુવતીએ પેલા પૂછી જ લીધું કે “તમે મારી આટલી બધી કૅર કેમ કરો છો?”

પેલા યુવકે ખુબ જ સ્વસ્થતાથી જવાબ આપ્યો કે “કારણ કે હું તમને ચાહવા લાગ્યો છું, તમને પ્રેમ કરું છું.”

યુવતીએ કહ્યું કે “પરંતુ હું તો તમને પ્રેમ કરતી નથી?” યુવકે ખુબ સરસ પ્રત્યુત્તર આપ્યો કે “પ્રેમમાં કોઈ સરખામણી ન હોઈ શકે. તમે ભલે મને ન ચાહો, પરંતુ હું તો તમને ચાહું છું અને આટલું જ મારા માટે પુરતું છે. મારે તમારી પાસેથી કોઈ જ પ્રકારની અપેક્ષા પણ નથી. મારે બીજું શું જોઈએ?”

પ્રેમ એટલે કોઈ પણ અપેક્ષા વિનાનું સમર્પણ. ખરેખર પ્રેમ એટલે પ્રેમ અને પ્રેમ સિવાય બીજું કશું નહીં.

***સ્ટોપર :***

“તું ચૂંટી લે ક્યાં હવે એ દૂર છે,
હાથ મારો મોગરાનું ફૂલ છે.
બે કિનારા સાવ આવ્યા છે નજીક,
એટલે આજે નદીમાં પૂર છે.”

— મુકેશ માલવણકર